ગાંધીનગર સમાચાર


# શામળાજી મંદિરને ઉડાવી દેવાની ધમકી મળતા પોલીસતંત્રમાં દોડધામ









શામળાજી, તા. ૨ અરવલ્લી જિલ્લાના ભિલોડા તાલુકાના સુપ્રસિદ્ધ યાત્રાધામ શામળાજી વિષ્ણુમંદિરને બોમ્બથી ઉડાડી દેવાનો ધમકીવાળો અનામી પત્ર વડોદરા શહેરના રાવપુર પોલીસસ્ટેશનમાં આસિ. કમિશનરને મળતાં આ અનામી પત્ર અંગે અરવલ્લી જિલ્લા પોલીસતંત્રને જાણ કરતા પોલીસતંત્રમાં દોડધામ મચી ગઈ હતી. અરવલ્લી જિલ્લા પોલીસતંત્ર દ્વારા મળેલા અનામી પત્રની ધમકી અંગે સખ્ત કાર્યવાહી અને શામળાજી વિષ્ણુ મંદિર પરિસરમાં ચુસ્ત બંદોબસ્ત ગોઠવી બોમ્બ સ્કવોર્ડ દ્વારા મંદિર પરિસર અને આજુબાજુના વિસ્તારોમાં સઘન ચેકિંગ હાથ ધરાયું હતું. શામળાજીના પ્રજાજનો અને દર્શનાર્થીઓમાં પોલીસતંત્ર દ્વારા શામળાજીમાં પોલીસતંત્રનો ચુસ્ત બંદોબસ્ત અને સઘન ચેકિંગથી અચરજ ફેલાયું હતું.

અરવલ્લી જિલ્લાના સુપ્રસિદ્ધ અને વિશ્વભરમાં જાણીતા કાળીયાદેવના શામળાજી મંદિરને બોમ્બથી ઉડાડી દેવાની ધમકીભર્યો અનામી પત્રથી શામળાજીના પ્રજાજનો અને ભક્તજનોમાં આઘાતની લાગણી વ્યાપી ગઈ છે. વડોદરા શહેરના રાવપુરા પોલીસ સ્ટેશનના આસિસ્ટન્ટ કમિશનરને ગુરૂવારે મળેલા અનામી પત્રમાં રાજ્યના સુપ્રસિદ્ધ અંબાજી અને શામળાજી મંદિરને બોમ્બથી ઉડાડી દેવાનો ધમકીભર્યો પત્ર મળતાં આ અંગે અરવલ્લી જિલ્લા પોલીસતંત્રને જાણ કરતા અરવલ્લી જિલ્લા પોલીસ દ્વારા આ સમાચાર મળતાની સાથે જ પોલીસનો કાફલો ઉતારી દઈ સમગ્ર મંદિર પરિસરને ફરતે સઘન ચેકિંગ હાથ ધરી ડોગસ્કવોડ સાથે રાખી તપાસ હાથ ધરી હતી. શામળાજી મંદિરમાં આવતા દર્શનાર્થીઓનું પણ સઘન ચેકિંગ હાથ ધરી માલસામાનની તપાસ હાથ ધરી હતી.

જિલ્લા પોલીસતંત્ર અનામી પત્ર દ્વારા મળેલ ધમકીને ગંભીરતાપૂર્વક લઈ અનિચ્છનીય ઘટના ન બને તે અંગે સતર્કતા દાખવી તકેદારી પૂર્વક ચેકિંગ હાથ ધરાયું હતું. અરવલ્લી જિલ્લા પોલીસતંત્ર દ્વારા હાથ ધરાયેલા સઘન ચેકિંગમાં કંઈજ વાંધાજનક વ્યક્તિ કે માલસામાન ન મળી આવતા રાહતના શ્વાસ લીધા હતા અને અનામી પત્ર દ્વારા હાલ તો અરાજકતા અને અફવા પુરતો સાબીત થઈ રહ્યો હોય તેવું લાગી રહ્યું છે.



## પ્રાંતિજ નગરપાલિકામાં ગાંધી જયંતિની ઉજવણી કરાઈ

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે આવેલ નગરપાલિકામાં ગાંધીજી જંયતિ નિમિત્તે ગાંધીજીના ફોટોને સુતરની આંટી પહેરાવી સ્વચ્છતા અંગેના શપથ લેવામાં આવ્યા હતા. પ્રાંતિજ નગરપાલિકા ખાતે નગરપાલિકા પ્રમુખ નિરવભાઈ પરીખ, ઉપપ્રમુખ પંકજભાઈ મોદી, કારોબારી અધ્યક્ષ જગદીશભાઈ કિંમતાણી સહિત કોર્પોરેટરો સહિત ભાજપ શહેર પ્રમુખ તથા મહામંત્રી સહિત લોકો ઉપસ્થિત રહ્યા હતા. જેમાં નગરપાલિકામાં આવેલ વિશાળ સભા ખંડમાં આવેલ ગાંધીજીના ફોટોને સુતરની આંટી પહેરાવવામાં આવી હતી અને નગરપાલિકા પ્રમુખ સહિત ઉપસ્થિત સર્વે લોકોએ સ્વચ્છતા અંગેના શપથ લીધા હતા.

## બામણા આટ્‌ર્સ એન્ડ કોમર્સ કોલેજમાં રક્તદાન કેમ્પ યોજાયો

ભિલોડા,તા.૨

બામણા આટ્‌ર્સ એન્ડ કોમર્સ કોલેજમાં એન.એસ.એસ. યુનિટ ધ્વારા તાજેતરમાં રક્તદાન કેમ્પ યોજાયો હતો. કોલેજના વિદ્યાર્થીઓ અને ગ્રામજનોએ રક્તદાન કર્યું હતું. ૨૫ બોટલ રક્તદાન એકત્ર કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ઈન્ડીયન રેડ ક્રોસ સોસાયટી સ્ટાફ, રોટરી ક્લબ પ્રમુખ ભીખાભાઈ પટેલ, ખજાનચી જયેશભાઈ પટેલ, સભ્ય પ્રફુલ્લભાઈ વ્યાસ, કોલેજ પ્રિન્સિપાલ ડૉ. કલ્પનાબેન પટેલ, પ્રોગ્રામ ઓફીસર મહેશભાઈ પી. વર્મા, કોલેજનો સ્ટાફગણ, વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## પીપલોટી પ્રાથમિક શાળાના શિક્ષકને શ્રેષ્ઠ શિક્ષકનો પુરસ્કાર અર્પણ કરાયો

ભિલોડા,તા.૨

સાબરકાંઠા જીલ્લાના હિંમતનગર નલીકાંત ગાંધી ટાઉન હોલમાં શ્રેષ્ઠ શિક્ષક પરિતોષિક કાર્યક્રમ યોજાયો હતો. સાબરકાંઠા જીલ્લા વહીવટી તંત્ર ધ્વારા આયોજીત શ્રેષ્ઠ શિક્ષક પુરસ્કારનો કાર્યક્રમમાં ગુજરાત રાજ્ય સરકારના સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રી રમણલાલ વોરાના વરદ્ હસ્તે સુભાષભાઈ વીરજીભાઈ



ગોપાત, વિજયનગર તાલુકાના કણાદર ગામના પીપલોટી પ્રાથમિક શાળાના મુખ્ય શિક્ષકને શ્રેષ્ઠ શિક્ષક તરીકે શ્રેષ્ઠ કામગીરી બજાવનાર શિક્ષકને પુરસ્કાર અર્પણ કરી સન્માન કરાતાં વિજયનગર તાલુકાના કણાદર ગામ, પીપલોટી ગામ, શિક્ષકો, વહીવટી તંત્રના અધિકારીઓ સહિત ભિલોડા તાલુકામાં આનંદની લાગણી પ્રસરી છે.

## ભિલોડા આર.જી. બારોટ બી.એડ. કોલેજમાં પ્રવેશોત્સવ કાર્યક્રમ યોજાયો

ભિલોડા,તા.૨

ભિલોડા સમાજ સેવા ટ્રસ્ટ સંચાલિત આર.જી. બારોટ બી.એડ. કોલેજમાં શૈક્ષણિક વર્ષ-૨૦૧૫-૨૦૧૬નો પ્રવેશોત્સવ કાર્યક્રમ યોજાયો હતો. આર.જી. બારોટ બી.એડ. કોલેજ સ્ટાફ પરીવાર, સમાજ સેવા ટ્રસ્ટ મંત્રી કિર્તીભાઈ બારોટ, કેમ્પસ ડાયરેક્ટર દેવાંગ બારોટ, સહમંત્રી નયનાબેન બારોટ, કેમ્પસની વિવિધ ફેકલ્ટીના આચર્યશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

નવા આવનાર તાલિમાર્થીઓને મંત્રી કિર્તીભાઈ બારોટે સુભાષિશ પાઠવ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન બી.એડ. કોલેજના ઈન્ચાર્જ આચાર્ય દિનેશભાઈ વણકરે કર્યું હતું.



ભિલોડા સમાજ સેવા ટ્રસ્ટ સંચાલિત ભિલોડા અક્ષર ઈન્ટરનેશનલ સ્કુલમાં વિઘ્નહર્તા ગણપતી દાદાની મુર્તી વિસર્જન કાર્યક્રમ યોજાયો.વિઘ્નહર્તા ગણપતી ગજાનંદની દસ દિવસ સેવા પુજા કરી રવીવારના રોજ આરતી, પુજા, વિવિધ કાર્યક્રમો યોજી ભિલોડાની હાથમતી નદીમાં વિસર્જન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે શાળાના ટ્રસ્ટી દેવાંગભાઈ બારોટ,નયનાબેન બારોટ, કિર્તીભાઈ બારોટ, સમગ્ર સંકુલના આચાર્યશ્રીઓ, શિક્ષકો, બાળકો ઉપસ્થિત રહ્યા હતા. વિઘ્નહર્તાનું વિસર્જન કરતાં સૌ કોઈ ભાવવિભોર બન્યા હતા.અગલે બરસ તુમ જલદી આનાના નારા સાથે સૌ પરત ફર્યા હતા.

## ભિલોડા આર.જી.બારોટ બી.એડ.કોલેજમાં હિન્દી દિનની ઉજવણી યોજાઈ

ભિલોડા,તા.૨

ભિલોડા સમાજ સેવા ટ્રસ્ટ સંચાલિત આર.જી.બારોટ બી.એડ. કોલેજમાં હિન્દી દિનની ઉજવણી યોજાઈ હતી. સમાજ સેવા મંત્રી કિર્તીભાઈ બારોટ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા. બી.એડ.ના તાલિમાર્થીઓએ નાટક, કવ્વાલી, દોહાગાન અને હિન્દીભાષા પર પોતાના વક્તવ્ય રજુ કર્યા હતા. કોલેજના હિન્દી અધ્યાપક દિનેશભાઈ ડી. વણકરે હિન્દીભાષા વિશે વિદ્યાર્થીઓને સુંદર સમજ આપી હતી. હિન્દી દિવસની કોલેજના કર્મચારીગણ, તાલિમાર્થીઓએ ઉત્સાહભેર ઉજવણી કરી હતી.

## ભિલોડા અક્ષર ઈન્ટરનેશનલ સ્કુલના વિદ્યાર્થીઓ ધ્વારા સફાઈ અભિયાનનો કાર્યક્રમ યોજાયો

ભિલોડા,તા.૨

અરવલ્લી જીલ્લાના ભિલોડા સમાજ સેવા ટ્રસ્ટ સંચાલિત, આર. જી. બારોટ એજ્યુકેશન કેમ્પસમાં આવેલ અક્ષર ઈન્ટરનેશનલ સ્કુલ, આર. જી. બારોટ એમ. એસ. ડબલ્યુ. કોલેજના વિદ્યાર્થીઓ ધ્વારા ગાંધીજીની ૧૪૬મી જન્મજયંતી નિમિત્તે ભિલોડા એસ. ટી. બસ સ્ટેન્ડમાં સફાઈ અભિયાનનો કાર્યક્રમ યોજાયો હતો. ભિલોડા અક્ષર ઈન્ટરનેશનલ સ્કુલ પ્રિન્સિપાલ, ભિલોડા આર. બારોટ એમ. એસ. ડબલ્યુ. કોલેજ પ્રિન્સિપાલ, પ્રદિપભાઈ ભાટીયા, દિનેશભાઈ વણકર તેમજ સ્ટાફ પરીવાર, વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. ભિલોડા એસ.ટી.બસ સ્ટેન્ડમાં મુસાફરોમાં આનંદની લાગણી પ્રસરી હતી.

# અરવલ્લી જિલ્લામાં જોર શોરથી શરૂ થયેલા સ્વચ્છતા અભિયાનનું સુરસુરિયું

મોડાસા, તા. ૨

સમગ્ર દેશમાં ૨જી ઓક્ટોબર-૨૦૧૪થી સ્વચ્છતા અભિયાનની શરૂઆત કરી હતી. સ્વચ્છતા અભિયાનમાં ગુજરાત રાજ્ય સરકાર દ્વારા સરકારી કચેરીઓ, શાળાઓ વગેરેમાં પરિપત્રો કરી સ્વચ્છતા અભિયાનમાં લોકોને જોડ્યા હતા. પરંતુ સ્વચ્છતા



અભિયાનના એક વર્ષ બાદ જ આ અભિયાનનું સુરસૂરિયું થઈ ગયું હોય તેવા ઘાટ સર્જાયા છે.

અરવલ્લી જિલ્લાના સમગ્ર વિસ્તારમાં ઠેર ઠેર ગંદકીના ઢગ જોવા મળે છે. જિલ્લામાં સમાવિષ્ટ નગરપાલિકાઓને સ્વચ્છ બનવા માટે લાખો રૂપિયાની ગ્રાન્ટો આપવામાં આવે છે પરંતુ શહેરોને સ્વચ્છ કરવાને બદલે આખે આખી ગ્રાન્ટો સ્વચ્છ થઈ જતી હોય તેવો ઘાટ સર્જાયો છે. ૨જી ઓક્ટોબર-૨૦૧૪ સ્વચ્છતા અભિયાન જાહેર થાય બાદ જિલ્લાના સરકારી અધિકારી, ભાજપના પદાધિકારીઓ દ્વારા ૬ મહિના સુધી સ્વચ્છતા અભિયાનના નામે ફોટો સેશન કરી રાજ્યમાં પ્રભાવ પાડવા માટે સમાચારપત્રો અને ચેનલોમાં ચમકયા હતા પરંતુ બીજા વર્ષે આરંભે શુરા જેવો ઘાટ થયો હોય એમ આ વર્ષે કોઈ જ સ્વચ્છતા અભિયાન કે જાગૃતિના કોઈ જ કાર્યક્રમ નહી થતા વડા પ્રધાન મોદીનું સ્વચ્છતા અભિયાન મજાકપત્ર અને ફોટો સેશન સુધી સીમિત રહેતા લોકોમાં રોષ જોવા મળ્યો હતો.

મોડાસા શહેરના માલપુર રોડ પર આવેલી અરવલ્લી જિલ્લા પંચાયત કચેરીના મકાનને અડીને આવેલી સરકારી વસાહતના બહુમાળી મકાનોમાં કર્મચારીઓના પરિવારો દ્વારા જ પ્રવેશદ્વાર આગળ ગંદકીના ઢગ જોવા મળી રહ્યા છે. વડાપ્રધાન મોદીના સ્વચ્છતા અભિયાનના સરકારી કર્મચારીઓ જ અનાદર કરી ગંદકી ફેલાવી રહ્યા હોય ત્યારે આમ આદમીમાં જાગૃતતા કયાંથી આવશે ? જિલ્લાના ગામડાઓને ગંદકીના ઢગલાઓ તેમજ કાદવ ઠેર ઠેર જોવા મળી રહ્યા છે.

## તલોદ એસ.ટી. ડેપોને પુનઃ શરૂ કરવા વાહનવ્યવહાર મંત્રીને રજૂઆત

તલોદ તાલુકામાં સ્થિત બંધ પડેલ ‘એ’ ગ્રેડના એસ.ટી. ડેપોને પુનઃ શરૂ કરવા ગુજરાત રાજ્ય વન વિકાસ નિગમના ચેરમેન અને પ્રો. કે. એમ. ડીડોરે વાહન વ્યવહાર મંત્રીને પત્ર લખી રજૂઆત કરી છે અને તાત્કાલિક ધોરણે ડેપો પુનઃ શરૂ કરવા માંગણી કરી છે.

સાબરકાંઠાનું તલોદ શહેર મુખ્ય હાઈવેથી ૧૫ કિ.મી. અંદર આવેલું છે. તલોદ એક વેપારી મથક તરીકે ધમધમતુ કેન્દ્ર છે. જ્યાં શિક્ષણ માટેની અનેક સંસ્થાઓ આવેલી છે. જેમાં દરરોજ અસંખ્ય વિદ્યાર્થીઓ અવર-જવર કરે છે. ત્યારે તલોદના મુખ્યમથકમાં સ્થિત એ ગ્રેડનો ડેપો બંધ થતા આ તમામ મુસાફરોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડે છે. આથી તલોદ તાલુકાના એસ.ટી. ડેપો પુનઃ રચના સમિતિના કન્વીનર કનુભાઈ ચુનીભાઈ પટેલ તથા સર્વે સભ્યોએ આ મામલે ગુજરાત વન વિકાસ નિગમના ચેરમેન અને તલોદ આર્ટસ કોલેજના પ્રો. ડૉ. કે.એન. ડીડોરને રજૂઆત કરી હતી. પરિણામે ડીડોરે આ સમગ્ર ઘટના અંગે વાહન વ્યવહાર મંત્રી વિજય રૂપાણીને પત્ર લખી સત્વરે બંધ ડેપોને શરૂ કરાવવા માંગણી કરી છે.

## ધનસુરા તાલુકાના વડાગામેથી સગીર વયની યુવતીનુ અપહરણ થતા ધનસુરા ફરીયાદ નોંધાઈ

મોડાસા તા.૨

અરવલ્લી જીલ્લાના ધનસુરા તાલુકાના વડાગામ ખાતે રહેતા રામાભાઈ સવાભાઈ વણજારાની સગીર વયની દિકરી જશોદાબેન ઉ.વ.૧૬ને તેનાજ ગામનો યુવાન મહેશભાઈ લાલભાઈ કોળી પટેલ રહે.વડાગામનાએ યુવતીને લગ્નની લાલચ આપી લલચાવી ફોસલાવી લગ્ન કરવા તથા બદકામ કરવાના ઈરાદે ભગાડી અપહરણ કરી ગયેલ છે. તથા અન્ય એક આરોપી દશરથભાઈ શંભુભાઈ રાવળ રહે. વડાગામનાએ યુવકને સગીર બાળાને ભગાડવામાં મદદગારી કરી હતી. આ બાબતની જાણ રાંમાભાઈ સવાભાઈ વણજારાએ ધનસુરા પોલીસ સ્ટેશને કરતા ધનસુરા પોલિસે કલમ ૩૬૩,૩૬૬,તેમજ ૧૧૬ મુજબ ગુન્હો નોંધી આરોપીઓને પકડી પાડવા વધુ તપાસ હાથ ધરેલ છે. તેવું ધનસુરા પીએસઓ એ જણાવ્યુ હતુ.

# ગાંધી જન્મ જયંતિ નિમિત્તે પ્રાર્થના ગ્લોબલ સ્કૂલમાં શિક્ષણ-ચિંતન શિબિર યોજાઈ

મોડાસા, તા. ૨

અરવલ્લી જિલ્લાના મોડાસા શહેરના મધપુરકંપા નજીક આવેલી પ્રાર્થના ગ્લોબલ સંકુલમાં શુક્રવારે ૨જી ઓક્ટોબર ગાંધી જન્મ જયંતિ દિનની અનોખી ઉજવણી કરવામાં આવી હતી. જનજાગૃતિ વિચારમંચ તથા વિશ્વગ્રામના સંયુક્ત ઉપક્રમે શિક્ષણ-ચિંતન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વ્યાખ્યાનકારો અને લેખકો દ્વારા શિક્ષક જગતનો દેશ અને માનવ વિકાસમાં રહેલા મહત્વની ભૂમિકા વિશે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. આ શિબિરમાં શિક્ષકો, સારસ્વતો તથા સમાજસેવી પ્રબુદ્ધ ચિંતનશીલ નાગરીકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

જનજાગૃતિ વિચારમંચ તથા વિશ્વગ્રામના સંયુક્ત ઉપક્રમે યોજાયેલ શિક્ષણ ચિંતન-શિબિરમાં ઉપસ્થિત રહેલા વક્તાઓ વિષ્ણુભાઈ પંડ્યા (લેખક તથા પત્રકાર) દ્વારા નૂતન સમાજનું વિમલ દર્શન અંગે ખૂબજ ઉંડાણપૂર્વક વિસ્તૃત માહિતી આપી હતી તેમજ સંજય તુલા (કર્મશીલ-વિશ્વગ્રામ) દ્વારા નૂતન સમાજ રચના માટે શિક્ષણ દ્વારા સમાજમાં અને શિક્ષણનું મહત્વ સમજાવ્યું હતું. આ બન્ને ઉચ્ચ વક્તાઓએ ભારતના રાષ્ટ્રપિતા પૂ. મહાત્મા ગાંધીજીના જીવનચરિત્ર અને વિચારોની ઝાંખીને



ખૂબજ ઝીણવટપૂર્વક વર્ણન કરવામાં આવ્યું હતું. વધુમાં ભારપૂર્વક જણાવ્યું હતું કે માનવીના વિચાર, આચાર અને સમજણ અને દેશના યુવાધનનું ભાવિ શિક્ષણ અને શિક્ષક જ નક્કી કરે છે. સારો શિક્ષક સમાજમાં જાગૃતિ લાવવાની સાથે સમાજમાં સમૃદ્ધિ અને સંસ્કારોનું સિંચન કરી શકે છે. પ્રાર્થના ગ્લોબલ સ્કૂલમાં યોજોયલા શિક્ષણ-ચિંતન-શિબિર કાર્યક્રમમાં શિક્ષણ સમન્વયના ગુજરાત રાજ્યના કન્વીનર નર્મદભાઈ ત્રિવેદી, સહયોગ કુષ્ઠયજ્ઞ આશ્રમ રાજેન્દ્રનગરના સ્થાપક સુરેશભાઈ સોની, ડૉ. મહેન્દ્રસીંહ ચૌહાણ (પૂર્વ સાંસદ), ડૉ. સંતોષ દેવકર, ડૉ. જીગ્નેશ સુથાર દ્વારા સિબિરમાં ઉપસ્થિત રહેલા શિક્ષકો અને તજજ્ઞોને મહાત્મા ગાંધીજી અને શિક્ષણ જગતનું સમાજમાં અનેરૂ મહત્વના સંદર્ભમાં પોતાની અનોખી શૈલીમાં રસપાન કરાવ્યું હતું. આ કાર્યક્રમમાં જનજાગૃતિ વિચારમંચના મહામંત્રી દ્વારા તેમની આગવી લયમાં ઉપસ્થિત મહાનુભાવો અને શિક્ષકો અને તજજ્ઞોની આભાર માની આભારવિધિ કરી હતી. પ્રાર્થના વિદ્યાલય સંકુલના સ્થાપક કનુભાઈ પટેલ શિક્ષણ ચિંતન-શિબિર કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા.

# ઓ.એન.જી.સી.ની મહત્વની જગ્યાઓમાં પ્રમોશનમાં ભેદભાવની નીતિ સામે રોષ

મહેસાણા, તા. ૨

કેન્દ્ર સરકાર હસ્તક ઓ.એન.જી.સી.માં મહત્વના પોસ્ટ પરની જગ્યા ખાલી રાખીને પ્રમોશનમાં ભેદભાવ ભરી નીતિ અપનાવીને કર્મચારીઓને હળાહળ અન્યાય કરાતાં ડૉ. આંબેડકર ફાઉન્ડેશનના ચેરમેન આર.એલ. પરમારે આ અંગે મુસદ્દો તૈયાર કરીને સંબંધિત તંત્રોને લેખિતમાં રજૂઆત કરી છે.

દેશના વડાપ્રધાન, કેન્દ્રિય પેટ્રોલિયમ મંત્રી, કોંગ્રેસ અધ્યક્ષા તેમજ ગુજરાતમાંથી લોકસભાનું પ્રતિનિધિત્વ કરતા સાંસદો અને અનુ. જાતિ, જનજાતિ ફેડરેશનના ચેરમેનને લખેલા એક પત્રમાં જણાવાયું છે કે, વર્ષ-૨૦૧૪થી ઓ.એન.જી.સી.એ બઢતી પ્રક્રિયામાં ભેદભાવ અને અન્યાયભરી નીતિરીતિ રાખીને જનરલ મેનેજર (ઈ-૭) અને (જીજીએમ-ઈ-૮) કક્ષાના પ્રથમ વર્ગના અનિુસૂચિત જાતિના અધિકારીઓને પદોન્નતિ આપી નથી. અને નામદાર સર્વોચ્ચ અદાલતની ગાઈડલાઈન હોવા છતાં તેઓની સાથે અન્યાય કર્યો છે.

આવા કુલ ૩૨૧૩ પૈકી અનુ. જાતિના કુલ ૬૮૬ કર્મચારીઓને ખાતાકીય પ્રમોશન કમિટિની એક્ઝુકેટીવ કમિશન મેમ્બરમાં પદ ખાલી હોવા છતાં આવા કર્મચારીઓને પ્રમોશન વંચિત રખાયા છે. આવા કર્મચારીઓએ પેટ્રોલિયમ પ્રધાનને રજૂઆત કરતાં તેમણે કેન્દ્રિય નાણાં પ્રધાન સમક્ષ રજૂઆત કરવા જણાવી હાથ અધ્ધર કરી દીધા હોવાનું જાણવા મળેલ છે.

ઉપરોક્ત બાબતે કર્મચારીઓને થઈ રહેલ અન્યાય સત્વરે દૂર કરાય તેવી માંગ કરી છે.